eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 73

Oct. 13, 2006

## સેન્ટ્રલ ઝોનમાં એમ. ટી. બી. આર્ટસ કોલજના વિદ્યાર્થીઓ ધ્વારા સામૂહિક સફાઈ



કમિશનરશ્રીના આદેશાનુસાર સેન્ટ્રલ ઝોનના આરોગ્ય વિભાગના સંકલનમાં એમ. ટી. બી. આર્ટસ કોલજના ૫૫ જેટલા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ આજ રોજ તા.૧૧–૧૦–૨૦૦૬નાં દિને સામૂહિક સફાઈ અભિયાનમાં જોડાયા હતા. જે અંતર્ગત મકકાઈપુલ વિવેકાનંદ પૂતળાથી શરૂ કરી એકતા સર્કલ, કાદરશાની નાળ થઈ વિજય વલ્લભ ચોક સુધી તળીયાઝાટક સફાઈ કરી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર પછીની ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા રાજય સરકાર ધ્વારા સુરત મહાનગરપાલિકાને વધુ રૂા.૫ કરોડની ફાળવણી

પૂર પછીની ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા સુરત મહાનગરપાલિકા ધ્વારા જંતુનાશક દવાઓ, રોગચાળાને નાથવા દવાઓ, સ્વચ્છતા અભિયાનમાં અનિવાર્ય વાહનોની ખરીદી, મોટા પાયે હાથ ધરવામાં આવેલ સફાઈ અભિયાન માટે રોકવામાં આવેલ વધારાના માણસો તેમજ કાદવ ઉંચકવા માટે મોટા પાયે ભાડે રખાયેલ વાહનો અને વોટર કલોરીનાઈઝેશન તેમજ ડ્રેનેજ વ્યવસ્થાને વધુ સઘન બનાવવા વાહનોની ખરીદી વિગેરેની મહત્વની કામગીરીને પહોંચી વળવા રાજય સરકારશ્રીએ રાહત કમિશનર અને એક્ષ ઓફીસીયો અગ્રસચિવશ્રી, મહેસુલ વિભાગના નિયંત્રણ હેઠળ મુકેલ ગ્રાન્ટમાંથી ઓગષ્ટ માસના છેલ્લા અઠવાડિયામાં સુરત મહાનગરપાલિકાને રૂા.૯ કરોડની ફાળવણી કરવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનમાં એમ. ટી. બી. આર્ટસ કોલજના વિદ્યાર્થીઓ ધ્વારા સામૂહિક સફાઈ

કમિશનરશ્રીના આદેશાનુસાર સેન્ટ્રલ ઝોનના આરોગ્ય વિભાગના સંકલનમાં એમ. ટી. બી. આર્ટસ કોલજના ૫૫ જેટલા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ આજ રોજ તા.૧૧–૧૦–૨૦૦૬નાં દિને સામૂહિક સફાઈ અભિયાનમાં જોડાયા હતા. જે અંતર્ગત મકકાઈપુલ વિવેકાનંદ પૂતળાથી શરૂ કરી એકતા સર્કલ, કાદરશાની નાળ થઈ વિજય વલ્લભ ચોક સુધી તળીયાઝાટક સફાઈ કરી હતી. તેમજ ૨૫૪ જેટલા ગૃહિણીઓ અને દુકાનદારોને ઘરે ઘરે જઈ કચરો કચરાપેટીમાં જ નાંખવાનો આરોગ્ય શિક્ષણ પણ આપ્યુ હતું. સદરહુ અભિયાનમાં ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી એમ. ટી. જરીવાલા, નાયબ આરોગ્ય અધિકારી ડો. વી. વી. પરમાર, આસી. આરોગ્ય અધિકારી ડો. પી. એચ. ઉમરીગર અને એમ. ટી. બી. આર્ટસ કોલેજના પ્રોફેસર શ્રી મુકેશભાઈ પટેલ ઉપરાંત નાનપુરા આરોગ્ય વોર્ડ ઓફિસના સમગ્ર કર્મચારીગણ ધ્વારા કાર્યક્રમ પાર પાડવામાં આવેલ.




TOP

## પૂર પછીની ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા રાજય સરકાર ધ્વારા સુરત મહાનગરપાલિકાને વધુ રૂા.૫ કરોડની ફાળવણી

પૂર પછીની ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા સુરત મહાનગરપાલિકા ધ્વારા જંતુનાશક દવાઓ, રોગચાળાને નાથવા દવાઓ, સ્વચ્છતા અભિયાનમાં અનિવાર્ય વાહનોની ખરીદી, મોટા પાયે હાથ ધરવામાં આવેલ સફાઈ અભિયાન માટે રોકવામાં આવેલ વધારાના માણસો તેમજ કાદવ ઉંચકવા માટે મોટા પાયે ભાડે રખાયેલ વાહનો અને વોટર કલોરીનાઈઝેશન તેમજ ડ્રેનેજ વ્યવસ્થાને વધુ સઘન બનાવવા વાહનોની ખરીદી વિગેરેની મહત્વની કામગીરીને પહોંચી વળવા રાજય સરકારશ્રીએ રાહત કમિશનર અને એક્ષ ઓફીસીયો અગ્રસચિવશ્રી, મહેસુલ વિભાગના નિયંત્રણ હેઠળ મુકેલ ગ્રાન્ટમાંથી ઓગષ્ટ માસના છેલ્લા અઠવાડિયામાં સુરત મહાનગરપાલિકાને રૂા.૯ કરોડની ફાળવણી કરવામાં આવી હતી.

થયેલ કામગીરીનું મુલ્યાંકન આ ફંડમાંથી પૂર પછીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે સુરત મહાનગરપાલિકા તરફથી યુધ્ધના ધોરણે હાથ ધરાયેલ કામગીરીને ધ્યાને લઈ, રાજય સરકારના આ ફંડમાંથી સુરત મહાનગરપાલિકાને વધુ રૂા.૯ કરોડની ફાળવણી તા.૦૫–૦૯–૨૦૦૬નાં રોજ કરવામાં આવેલ, જયારે તા.૦૬–૧૦–૨૦૦૬નાં રોજ વધુ રૂા.૫ કરોડની ફાળવણી રાજય સરકાર તરફથી સુરત મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલ છે. જે મળી સુરત મહાનગરપાલિકાને આફતગ્રસ્ત પરિસ્થિતિને પહોંચી વળવા કુલ રૂા.૨૩/– કરોડ જેટલી માતબર રકમની ગ્રાન્ટ સૌ પ્રથમવાર રાજય સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ છે જે અત્રે ખાસ ઉલ્લેખનીય છે.

TOP